# અતિતના ઓવારેથી ઉમરપાડા

ડાૅ.કે.જી.પટેલ,ઈ.ચા.પ્રિન્સિપાલ,ગવર્મેન્ટ આર્ટ્સ કોલેજ,ઉમરપાડા(સુરત)

કેટલીક બાબતો માટે કુદરતે આપને નિમિત્ત બનાવેલા હોય છે. અચાનક ઉમરપાડા બદલી. હરદ્વારની પવિત્ર યાત્રા પછી મળનારું આ પુણ્ય જ હોઈ શકે. આમેય વનવાસી અને વનવાસીક્ષેત્ર સાથે પણ કંઈક ઋણાનુબંધ જ હોવો જોઈએ. નહિતર વારંવાર આ જ ભૂમિ પર મને શું કામ નિમંત્રણ. આવા અકુદરતી સંજોગોને પામી જે કુદરતી પરિસ્થિતિ મળી છે  તેમાં સમાજને કંઈક આપી જવાની ભાવના પણ બળવત્તર બનતી જાય છે. મારી મનગમતી અધ્યાપન પ્રવૃત્તિ કરતાં કુદરત મને પ્રિન્સિપાલ બનાવવા માગતી હોય તેમ પુનરપિ પુનરપિ આચાર્ય દેવો ભવના આશિર્વાદ છે. મારા અધ્યાપન સેવાના કાલખંડમાં સૌથી અંતરિયાળ વિસ્તાર આ ઉમરપાડા છે. છતાં શિક્ષણ માટે સાનુકૂળતાઓ અનેક છે. મારી કમિશ્નર કચેરીને મારા ઉપર ખૂબ પ્રેમ હોય એમ લાગે છે. લોકોને અંતરિયાળ વિસ્તારમાં જવાનો એક દિવસનો પણ મોકો આપતી નથી ને મને વારંવાર મૂકી તમને કોઈ જ અન્યાય નથી તેવું વિશ્વાસપૂર્વક જણાવી મોકલે છે. છોટુભાઈ નાયક અને ઘેલુનાયકને મોકલી આહવા(ડાંગ)ની સેવા થઈ તેવી રીતે અંતરિયાળ આદિવાસી વિસ્તારો માટે ત્રણ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓનો પાયો નાખવાનું પુણ્ય હું કમાયો છું.

આર્થિક સાધ્નોની સાથે સાથે ઈતિહાસના સાધ્નો વિહોણી પ્રજા અને પ્રદેશનો ઈતિહાસ લખવો મુશ્કેલ તો છે જ. એટલે જ તેને ઈતિહાસ વિહોણી કહેવી ત બરાબર નથી. આ મહેણું ભાગવાનો પ્રયત્ન જિંદગીભર રહ્યો છે. આજથી ચૌદ વર્ષ પૂર્વે જયારે ‘‘સયાજીરાવ ત્રીજાના સમયનું નવસારીપ્રાંતનું શિક્ષણ’’ એ વિષય પર સંશોઘન ચાલતું હતું તે સમયે રાની પરજ પેટા મહાલ ઉમરપાડા અને વાંકલ નો નામોલ્લેખ થયેલો. આજે તેના પર કામ કરવાના સંજોગોનું નિર્માણ થયેલ છે.

વસાવા કોણ છે? કયાંથી આવ્યા? તેમનો પ્રાચીન ઈતિહાસ શો છે? વગેરે બાબતો અંગે કોઈ ચોકકસ જૂનો ઈતિહાસ મળતો નથી. પરંતુ છૂટા છવાયા પુરાવાઓ એકત્ર કરતાં એમ જણાય છે કે વસાવા જાતિ પ્રાચીન કાળથી દક્ષિણના રાજયો કાં તો દક્ષિણ ગુજરાતમાં અસ્તિત્વ ઘરાવતી હતી.[1]

મૈત્રક કાલ દરમ્યાન ગુજરાત પ્રદેશ સામાન્યતઃ ‘લાટ’ નામે ઓળખાતો એવુ લાગે છે. એ નામ દક્ષિણ ગુજરાતના સીમિત અર્થમાં પ્રયોજાતું થયું એ પછીના દક્ષિણ ગુજરાતના પ્રદેશ પર દખ્ખણના ચાલુકય અને ત્યાર બાદ રાષ્ટ્રકુટ તરીકે ઓળખાતા દખ્ખણના રાજયો તેના ઉપર રાજય કરતા હતા. ત્યાર બાદ એ પ્રદેશ ઘીમે ઘીમે ગજરાત રાજયમાં સમાઈ ગયો. સોલંકી રાજાઓનું શાસન સ્થપાયું. ગુજરાત સલ્તનત અને મરાઠાઓની સત્તા હેઠળ પણ આ પ્રદેશો રહયા છે.

ઘણાં યુદ્ધો અને ચડાઈઓના કારણે વસાવા જાતિની સ્થિતિ પાંજરામાં પુરાયેલા સિંહ જેવી થઈ ગઈ. આ પ્રમાણે વસાવા એવા લોકો છે કે જેઓ આ પ્રદેશના અન્ય આદિવાસીઓની જેમ લડાઈ,ચડાઈ,દબાણ અને તાણમાંથી પસાર થયા હતા,એવી પરિસ્થિતિને કારણે તેમનામાં અસલામતીની સ્થિતિ ઊભી થઈ હશે અને તેની અસરો તેમના સ્વભાવના લક્ષણોમાં દ્રષ્ટિગોચર થાય છે.

---

[1] The dhodiyas of saouth Gujarat Bombay uni,journal pg 24 1962

ઈ.સ.પૂર્વે૧૫૦૦ના યુગમાં વેદમાં દસ્યુ અને રામાયણમાં નૈષધ જાતિઓનો ઉલ્લેખ આવે છે. તેમાંથી આ જાતિનો ઉદ્‌ભવ થયો હશે, એમ પણ માનવામાં આવે છે.[2]

ઈતિહાસનો પ્રારંભ સંસ્કૃતિઓના ઉદ્‌ભવથી થાય. જયારથી પ્રનું સંસ્કૃતિકરણ થાય ત્યારથી ઈતિહાસ પ્રારંભ થાય. આદિમાનવ કે જંગલી માનવ પાસે ઈતિહાસ કે સભ્યતા જેવું કશું હોતું નથી. અંતરિયાળ જંગલ વિસ્તારમાં રહેતા માનવ પાસે સભ્યતા કયારે આવી? વનવાસી જીવન છોડી કૃષિ આધારિત જીવન જીવવાની પ્રારંભ કયારે થયો તે સંશોધનનો વિષય છે.

જયારે નવસારી પ્રાંતમાં ગાયકવાડી શાસન સ્થપાયું તથા ગાંધીયુગ આવ્યો ત્યારથી આદિવાસી પ્રજાના વિકાસ પર નજર મંડાઈ. તે પહેલાં આદિવાસી પ્રજા સુસંસ્કૃત માનવ જીવનથી દૂર હતી. જંગલી પેદાશો આધારિત ખોરાક અને રક્ષણ માટે ભટકતું જીવન ગુજારતી પ્રજા હતી.

ગાંધીનો સુધારાનો પવન આવ્યો તે પહેલાં અહીં એક સુધારાવાદી ચળવળનો પ્રારંભ થયેલો. મહારાષ્ટ્રના શીરપુરથી એક સુધારક નામે ‘ગુલાબાપા’ આ વિસ્તારમાં પધારેલા. સફેદ અને કાળો એમ બે ઘોડા પ્રવાસમાં સાથે રાખી આ વિસ્તારમાં ફરતા અને સુધારા માટે લોકોને ઉપદેશ આપતા. કુદરતી હાજતે જતી વખતે હાથ–પાણી લેવું, ખોટું બોલવું નહિં, ખેતી કરવી, પશુ પાલન કરવું તેવું સમજાવતા. તેમના થાનમાંથી દૂધ ઝરતું જોઈ લોકો ખૂબ પ્રભાવિત થતા.

ઉમરપાડા તાલુકો ૧/૪/૧૯૯૮થી માંગરોળ તાલુકામાંથી વિભાજીત થઈ અમલમાં આવેલ નવરચિત તાલુકો છે. આજે આઝાદીના ૬૯ વર્ષો બાદ પણ આ વિસ્તારોમાં મોટા ભાગની પ્રજા કુદરતના ખોળે પ્રકૃતિદત્ત જીવન જીવતી હોય ત્યારે આઝાદી પહેલાંની સ્થિતિ કેટલી વિકટ હશે તે કલ્પી શકાય તેમ છે. વિકાસના સુફળ મળવાનો પ્રારંભ થયો છે. કુદરતી સૌદર્યથી તથા કુદરતી સંપત્તિથી સમૃદ્ધ આ પ્રદેશ છે. દેવઘાટનું અડાબીડ જંગલ તથા ખનીજ વિપુલ પ્રમાણમાં છે. અહી વસતી પ્રજાની વાંસમાંથી બનાવેલી ઝૂંપડી ઉચ્ચ કલા સૂઝ તથા ઈજનેરી કલાનો ઉત્તમ નમૂના છે. વાડીથી પ્રવેશ કરીએ તો ઉંચા નીચા માટીના ટીંબા તેની ઉપર છવાયેલી હરિયાળી તળેટીમાં ઉગેલા સાગ, સાદડ, ખાખરાના આછા વૃક્ષો, તેની આસપાસ ચરતુ ગાયોનું ધણ, સાડીનો કાછોટો વાળીને લેકાથી તથા લહેરથી ગાતી કાછોટો બાંધેલી વનવાસી પ્રજા સૌદર્યમાં વધારો કરે છે.ગીલોલ લઈને ફરતાં બાળકો, ધ્ણ લઈને જતા લોકોના ખભે લટકાવેલી ઝોળી તથા હાથમાં લાકડી અને કુહાડી તે અહીં સામાન્ય રીતે જોવા મળે છે. જેમ જેમ આગળ વધીએ તેમ દરિયાની સપાટીથી ઊંચાઈ વધતી જણાશે. એટલે ઉનાળામાં અહીં સૂસવાટા બંધ પવન ફૂંકાય છે. પવનચકકી ચલાવી શકાય તે માટે પૂરતા પ્રયત્નો થયા હોય તેમ લાગતું નથી. તે વચ્ચે વચ્ચે નાના નાના ગામ આવે. કાચા મકાનમાં રસ્તા તરફ નાની બારી મૂકી દુકાન કરી હોય. અંદરના વિસ્તારમાં પેટ્રોલપંપ નહોવાથી ઘણી જગ્યાએ પ્લાસ્ટીકના કેરબામાં પેટ્રોલ ભરી નજરે ચડે તે રીતે મૂકી રાખેલ હોય. વાહન વ્યવહારના સાધનો ઓછા. કયાંય જવું હોય ને બાઈક પર જગ્યા માટે હાથ લંબાવો તો ઉભી રાખે ને પ્રેમથી બેસાડે. ભાડાનો આગ્રહ કરો તો પ્રેમથી ઈન્કાર કરે તે અહીના માણસોની એક વિશેષતા. મુસાફરોને પ્રવાસ માટે મોટી રીક્ષાઓ તથા વાનનું ચલણ મળી રહે. ઉમરપાડાથી જેમ જેમ અંદર જાઓ ચોખવાડા દિવતણ તરફ તેમ વનરાજી ચાલું થાય.હાલમાં રોડ રસ્તા સારા જોવા મળે છે. જંગલ જોવું હોય તો વિદ્યાર્થીઓને લઈને દેવઘાટ

---

[2] Surat jillana dhodiao, Mahanibandh Gujarat Vidhyapithh Ahmedabad,pg18

બતાવવું જોઈએ. ઉમરપાડાથી માંડવીના રસ્તો પણ જંગલમાંથી પસાર થાય છે. પ્રકૃતિને માણવી હોય પ્રકૃતિનો ખોળો ખૂદવો હોય તો ઉમરપાડા ઉત્તમ. આવા વિસ્તારોમાં ફેફસાની, હૃદય ની બીમારી વાળા કે મનની શાંતિ જોઈતી હોય તેવા માટે આ પ્રદેશ ઉત્તમ છે. કોટેજ કે આશ્રમો બનાવવા જોઈએ. સ્વીટઝરલેન્ડ ન જઈ શકનારાઓએ અફસોસ કરવાની જરૂર નથી. શાળાઓના ઓરડા, શાળાનું પટાંગણ તેમાં ફુલવાડી, સ્વચ્છતા સારી જોવા મળે છે. દરેક ઘરની આગળ ક્યારામાં રંગીન ફુલ છોડ પણ જોવા મળે. તે વનસ્પતિ પ્રત્યેની અભિરૂચિ બતાવે છે. ખેતી માટેના નાના નાના ખેતરોમાં ડાંગર રોપેલી જોવા મળે. શેઢે તુવર છોડ હોય. નાની જગ્યાનો પણ ખૂબ ચીવટ પૂર્વક ખેતી માટે ઉપયોગ કર્યો હોય. ખેતરની બાજુમાંથી નદી નાળું જત હોય તેમાં પાણી ભરાઈ રહે તે માટે ચેકડેમ જેવું બનાવેલું હોય. તેના પાણીનો ઉપયોગ સિંચાઈ માટે કરવામાં આવે. આ વિસ્તારમાં મોટા ભાગની ખેતી આકાશી ખેતી થાય છે. નહેરો દ્વારા સિંચાઈ કે ભૂગર્ભ જળ દ્વારા સિંચાઈ થતી નથી. કેમકે ભૌગોલીક અનુકૂળતાઓ નથી. ખતી બળદો દ્વારા કરવામાં આવે છે.

ઉમરપાડાના બજારમાં સોમાવારે હાટવાડો ભરાય છે. હજુ તેની ચમક અને મહત્વ ઓછું થાય તેમ લાગતું નથી. ઉમરપાડાના બજારમાં શાકભાજીના વેચાણની સાથે મચ્છીવાડો પણ છે. જેમાં મચ્છી ઉપરાંત મરઘી, મટન મળે છે. સવારે ઉમરપાડાના બજારમાંથી બાઈક પર ૨૦ થી પણ વધારે મરઘી બાંધ્ાી ગામડામાં લઈ જતાં લોકો નજરે ચડશે. ખાનદેશ નજીક હોવાથી અહીના બજારોમાં મહારાષ્ટ્રનો માલ ઠલવાતો હોય છે. સવારે ગામડામાંથી રોજના બાંધ્ાલા ટેમ્પામાં ઉભા રહીને લોકો અંકલેશ્વર જતા હોય છે. હું ઉમરગોટમાં રહું છું. મોટા શહેરોની આસપાસના ગામડાઓ વિકાસના પ્રભાવ ક્ષેત્રો લાગે. અંકલેશ્વર ઔદ્યોગિક વસાહત ગુજરાતની બહુ મોટી વસાહત છતાં ઉમરપાડા સધ્ાી શહેરીકરણની અસર થયેલ નથી. ત્યાંથી અંકલેશ્વર આવીએ એટલે વિકાસ અને ભાગદોડ લાગે. જયારે ઉમરગોટમાં હોઈએ ત્યાં દુનિયા થંભી ગઈ હોય એમ લાગે. નીરવ શાંતિ. અંકલેશ્વર ૭૫ કિ.મી. અંતરે હોવા છતાં વિકાસની અસર ઉમરપાડા પર કેમ થઈ નથી. તે શું લોકોનો અભિગમ બતાવે છે.

કાઠીયાવાડથી સ્થળાંતર કરીને આવેલ ભરવાડ કોમના લોકો અહીં પણ પશુપાલનનો વ્યવસાય કરે છે. જંગલો તેમના માટે આશિર્વાદરૂપ થઈ પડયા છે. ઉનાળામાં મહુવા બારડોલી સુધ્ાીના ભરવાડો ગાયો ભેંસો લઈને ઉમરપાડા તરફ ઘાસચારા માટે આવી જાય છે. અહીં આદિવાસી ઉપરાંત ભાગ્ય અજમાવવા બહારથી આવેલી અન્ય કોમો પણ છે. રાજસ્થાન અને ઉત્તરભારતના લોકો પણ અહીં આવીને વસ્યા છે.

**ઉમરપાડા સ્થળ નામની ઐતિહાસિકતા :–**

ઉમરપાડા નામ કેમ પડેલું હશે? તેના વિશે જાણવાનો પ્રયાસ કરતાં એક કરતાં વધ્ા થિયરી વિશે જાણવા મળ્યું. ઉમરપાડા બે શબ્દોની સંધ્ાીથી બનેલો છે. આ વિસ્તારમાં માટીની ટેકરીઓ ઘણી જોવા મળે છે.ટેકરીનો આકાર પાડા જેવો લાગે છે. વળી જંગલ વિસ્તાર હોવાથી ઠેર ઠેર ઉમરાના ઝાડ હોવાથી તેનુ નામ ઉમરપાડા પડેલું હોવું જોઈએ.

ઉમરપાડા ગામમાં રહેતા વયોવૃદ્ધ વસાવા પુંજીદાદા જે આદિજાતીના લોકોને જંગલ જમીન મળે તે માટે ઘણા લાંબા સમયથી લડત ચલાવી રહયા છે. તેમની ઉંમર આશરે ૮૦ વર્ષની આસપાસ હોય તેમ લાગે

છે. તેમના કહેવા પ્રમાણે ગાયકવાડી સમયમાં દેસાઈ પેટામહાલનું મહેસૂલ ઉગરાવવા નીકળે ત્યારે હાલના જૂના ઉમરપાડાના સ્થળે ઉમરાના ઝાડ નીચે પડાવ નાખતા તેથી આ ગામનું નામ ઉમરપાડા પડેલું.

મુસ્લિમ શાસકો અથવા ખાસ ઔરંગઝેબના સમયમાં આ વિસ્તારને કોઈ ઉમર નામના દેસાઈ કે જાગીદાર હોવાથી આ ગામનું નામ ઉમરપાડા પડેલું હોય. પણ આ મત એટલે સ્વિકાર્ય નથી કે કોઈની પાસે એવી જાણકારી નથી કે ગાયકવાડ કે તે પહેલાં પણ મુસ્લિમ શાસકોના સમયમાં આવા નામનો કોઈ જાગીરદાર હતો તે અંગેના કોઈ આધાર પૂરાવા મળતા નથી.

ઉમરઝર, ઉમરખાડી જેવા બીજા અનેક ગામોના નામ ઉમર પરથી પડેલ છે. કેટલાય એવા વિસ્તારોના નામ તે વિસ્તારમાં જોવા મળતા વિશિષ્ટ વૃક્ષ અથવા વધારે પ્રમાણમાં જોવા મળતા વૃક્ષોને કારણે પાડવામાં આવેલા હોય છે. જેમ કે સાગના વૃક્ષોને કારણે સાગબારા, ખેર ના વૃક્ષોને કારણે ખેરવા, મહુડાના વૃક્ષોને લીધે મહુવા તેજ રીતે ઉમરાના વૃક્ષોને કારણે આ ગામનું નામ ઉમરપાડા પડેલ હોય તે વધારે સંભવ છે. કોઈ પાકા મકાન ન હોવાથી ગાયકવાડી શાસનમાં સરદેશમુખી લેવા આ વિસ્તારમાં સૈનિકો આવતા હોય અને તેમના પડાવ ઉમરાના ઝાડ નીચે નાખતા હોય તે સંભવ છે. વળી,ટેકરીઓ વાળો વિસ્તાર એટલે આ ગામ તથા પ્રદેશનું નામ ઉમરપાડા પડ્યું હોય તે વધારે સ્વિકાર્ય છે. તે આર્થિક સામાજિક પ્રવૃતિઓનું કેન્દ્ર હોવાથી તથા વ્યુહાત્મક જગ્યાએ હોવાથી ગાયકવાડ સમયમાં તેને પેટામહાલનો દરજ્જો આપવામાં આવ્યો અને પેટામહાલ બનાવવામાં આવ્યો. આઝાદ ભારતમાં વહીવટી સરળતા ખાતર તેનો પેટામહાલનો દરજ્જો નાબૂદ કરી માંગરોલ સાથે જોડી દેવામાં આવ્યો. પણ માંગરોલ તાલુકા મથક આ વિસ્તારના લોકો માટે દૂર પડી જતું. તેથી અલગ તાલુકાની જરૂરિયાત તથા માંગણી ઉભી થઈ. તેથી પહેલી એપ્રિલ ઈ.સ.૧૯૯૮થી તેને સ્વતંત્ર તાલુકાનો દરજ્જો આપવામાં આવ્યો. ઉમરપાડા ગામને તાલુકાનું મુખ્ય મથક બનાવવામાં આવ્યું. તેના ઉપરથી સમગ્ર તાલુકાનું નામાભિધાન ઉમરપાડા કરવામાં આવ્યું.

**નવસારી પ્રાંતનો પેટા મહાલ ઉમરપાડા** :–વડોદરા રાજયના પાંચ પ્રાંતો પૈકીનો એક નવસારી પ્રાંત ગાયકવાડી શાસનમાં અસ્તિત્વ ધરાવતો હતો. આજના ગુજરાતમાં દક્ષિણ વિભાગમાં નેશનલ હાઈવે નં.૮ પર તેનું મુખ્ય શહેર નવસારી આવેલું છે. વડોદરા રાજય સમયે ગાયકવાડી પ્રાંતનું તે વડુ મથક હતું. રાનીપરજ કોમની વસતી ધરાવતો આ પ્રદેશ ગાયકવાડ સરકારના અન્ય પ્રાંતો કરતાં જુદો તરી આવતો હતો. ઉ.૨૦ થી દ.૫૫ અક્ષાંશ તથા પૂ.૭૩ થી ૫.૧૦ રેખાંશ વચ્ચે સ્થાન ધરાવતો હતો. સમગ્ર પ્રદેશ સમશિતોષ્ણ કટિબંધમાં આવેલા હોવાથી ટાઢ–તડકો સરખો પડે છે. આ પ્રાંત દરિયાની સપાટીથી ૧૫૦ ફુટ ઉંચે છે.

સુરત જિલ્લાએ આ પ્રાંતમાં વચમાં પેસી તેના લગભગ બે સરખા ભાગ કરી નાખ્યા હતા. વહીવટી સરળતા માટે ગાયકવાડ સમયનાં નવસારી પ્રાંતને આઠ મહાલ અને બે પેટા મહાલમાં વહેંચવામાં આવેલો હતો. મહાલ એ આજના તાલુકા જેવો ગણાતો. મહાલ આ પ્રમાણે હતા.(૧) નવસારી (૨) ગણદેવી (૩) પલસાણા (૪) કામરેજ (૫) મહુવા (૬) વેળાછા (૭) સોનગઢ અને (૮) વ્યારા : બે પેટા મહાલ (૧) વાંકલ અને (૨) ઉમરપાડા. તેનું કુલ ક્ષેત્રફળ ૧૯૧૪ચો.મા. હતું.

દક્ષિણ ગુજરાતમાં આવેલા નવસારી પ્રાંતને તત્કાલિન સ્થિતિએ જોઈએ તો મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યો હતો. (૧) રાસ્તી (૨) રાની અને (૩) અધરાસ્તી વિભાગ.

(૧) રાસ્તી : પ્રાંતના પશ્ચિમ ભાગમાં બાગાયત સમતલ જમીન હોય ઉત્તમ ખેતી થતી હતી. તેથી નામ રાસ્તી પડેલું. જેમાં નવસારી, ગણદેવી મહાલોનો સમાવેશ થતો. તેમાં તાપી, અંબિકા અને પૂર્ણા નદીઓ વહે છે.

(૨) રાની મહાલો :– પૂર્વદિશામાં જંગલ અને તાવ ઉત્પન્ન કરે એવા સ્થળોવાળાં ત્રણ મહાલ હતાં. (૧)સોનગઢ (૨) વ્યારા (૩) મહુવા. તેમાંની વસતી રાનીપરજ(આદિવાસી) હતી. તેથી તે ભાગને રાની મૂલક ગણવામાં આવતો. ઉમરપાડા રાનો પેટા મહાલ ગણાતો.

(૩) અધરાસ્તી :– આ બે પ્રદેશો વચ્ચે થોડો રાસ્તી અને થોડો રાની મૂલક વિસ્તાર હતો જેને અધ રાસ્તી ગણવામાં આવતો. જેમાં કામરેજ, વેળાછા,પલસાણા તથા વાકલ પેટા મહાલ અધરાસ્તી ગણાતા.

નવસારી પ્રાંતની સીમા વિસ્તારમાં ઉત્તરી હદે ભરૂચ અને રાજપીપળાનું સંસ્થાન હતું. દક્ષિણે સુરત જિલ્લો તથા વાંસદાનું રાજ્ય, પૂર્વે ખાનદેશ અને સુરત જિલ્લો તથા અરબી સમુદ્ર સુધાની સરહદો નવસારી પ્રાંતની ગણાતી. તેની વાર્ષિક ઉપજ દરવર્ષે ૨,૬૦,૦૦૦/–રૂ.ની થતી. તેમાં સર્વથી સારુ હવાખાવાનું મથક સાલ્હેર તે સમયે ગણાતું. નવસારી પ્રાંતના પશ્ચિમે અરબી સમુદ્ર લાગેલો હોવાથી તેના પણ ફાયદા હતા. આ પ્રાંતમાં તાપી, પૂર્ણા, મીંઢોળા,અંબિકા, કાવેરી અને કીમ મળીને છ નદીઓ વહે છે.[3]

નવસારી પ્રાંતના મુખ્ય ગામો–કસ્બા આ પ્રમાણે હતા, જેવાકે– સિસોદ્રા, મહુવા, મરોલી, કોદાદા, કલાન, વીસલપોર, ગણદેવી, ગુણસવેલ, મેલદેરી ,દેલવાડા, ઊન, ચેઓલ, કુચેદ, વીલનપોર, કુરેલ, થાણા, મહુવરીયા, વીકલ, દીવ, તવડી, એના, સરભોણ, સાતેમ, બોદાલી,કેસલી, ખરવણ, મટવાડ, ખેરડી, ભીદર, જમાલપોર, તીગરા, આંબલી, ઈંટાળવા, ખંભાલી, વાંકલ, ખદરપોર, દેગામ, ખેરપોર, મગોદ, વીકીઆ, બીલી, મલેકપોર, હુનાઈ, વલવાડા, શુરખાઈ, બહેદા, ઊબર, વસલાહીન, કુકેરી, બેહુદા, મેંદર વગેરે નવસારી પ્રાંતના મુખ્ય ગામ હતા.

જ્યારે ઉમરપાડા તાલુકાના મુખ્ય ગામો આ પ્રમાણે છેઃ આમલીદાબડા, ડોગરીપાડા,મોટી દેવરૂપણ, સરવન ફોકડી, ઉમ્ભારીયા, બીલવણ, ઘાનાવડ, નાના સૂતખડકા, સાતવન, ઉંચવાન, ચવડા, ચારણી, ગુંદીકૂવા, નસરપોર, ઉમરદા, વડગામ, ચાવડ, ઝારપન, નવા ચક્રા, ઉમરગોટ, વાડી, ચીમીપાતાલ, જુમવાડી, પાડા, ઉમરઝર, વેલાવી, ચિતલદા, કેવડી, રૂ ધ્ા ગવાન, ઉમરખાડી, ચોખવાડા, ખોટા રામપુરા, સરદા, ઉમરપાડા

**સ્થાન,સીમા અને વિસ્તાર** :– ઉમરપાડા તાલુકો ગુજરાત રાજયના સુરત જિલ્લામાં આવેલો છે. ઉમરપાડા તાલુકાનું મુખ્યમથક ઉમરપાડા છે તે સુરત જિલ્લા મથકથી ૮૫ કિમી.અંતરે આવેલું છે. રાજયની રાજધાની ગાંધીનગરથી ૨૫૦ કિમી અંતરે આવેલું છે. ઉમરપાડા તાલુકાની ઉત્તરે ડેડીયાપાડા, દક્ષિણે માંડવી તાલુકો, પશ્ચિમે માંગરોલ તાલુકો તથા પૂર્વે સાગબારા તાલુકો આવેલો છે. સોનગઢ, વ્યારા, રાજપીપલા, અંકલેશ્વર જેવા નજીકના શહેરો આવેલા છે. ઉમરપાડામાં ૧૦૭ ગામડા અને ૩૩ પંચાયતો આવેલી છે. કેવડિયા(નર્મદા), અંકલેશ્વર, ભરૂચ, સુરત, નવસારી મહત્વના નજીકના પ્રવાસન સ્થળો છે.

**ઉમરપાડા તાલુકાની ડેમોગ્રાફી** :– વસાવા બોલી અહીંની સ્થાનિક બોલી છે. ગુજરાતી ભાષા સ્થાનિક ભાષા છે.વસાવા બોલી લોકવ્યવહારની બોલી છે. તેના પર મરાઠી તથા સુરતી બોલીની અસર વર્તાય છે. ઉમરપાડા તાલુકાની કુલ વસતી ૬૮૨૮૮ છે અને ૧૩૯૭૭ ઘર છે. પુરૂષો ૩૪૨૮૫ તથા સ્ત્રીઓ ૩૪૦૦૩ છે.

---

[3] દેસાઈ સો.મ.,''તવારીખે નવસારી'',ર્ડા.ઘનજીભાઈ હોરમસજી મહેતા,નવસારી–૧૯૩૯.પૃ.૬

**હવામાન અને વાતાવરણ :–** ઉનાળામાં ગરમી પડે છે. ઉનાળામાં અહીંનું તાપમાન ૩૦ અંશ સે. થી ૪૨ અંશ સે. સુધી હોય છે. સરેરાશ તાપમાન જાન્યુઆરીમાં ૨૫ અંશ સે., ફેબ્રુઆરીમાં ૨૬ અંશ સે., માર્ચમાં ૩૦ અંશ સે., એપ્રિલમાં ૩૨ અંશ સે., મે માં ૪૩ અંશ સે. રહે છે. ઉનાળામાં ભારે પવન ફૂંકાય છે. પવનની ગતિ વધારે હોય છે. આ વિસ્તાર સમુદ્ર સપાટીથી ૨૪૧ મીટર ઉંચાઈ પર હોવાથી તથા અરબી સમુદ્ર પરથી વાતા પવનોના કારણે ગતિ વધારે હોય છે. અહી પવનચકકી દ્વારા વિદ્યુત પેદા થાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.

**ઉમરપાડા કેવી રીતે પહોંચાય :–** ઉમરપાડા રેલ્વેસ્ટેશન, કેવડી રેલ્વે સ્ટેશન ઉમરપાડા તાલુકાના નજીકનાં રેલ્વેસ્ટેશનો છે. સુરતનું રેલ્વે સ્ટેશન સૌથી મોટું નજીકનું રેલ્વે સ્ટેશન છે. ઉમરપાડા સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો દ્વારા પણ પહોંચી શકાય છે. ખાનગી રીક્ષાઓ પણ મળી રહે છે. ઉમરપાડાનો પીનકોડ નંબર ૩૯૪૪૪૫ છે.

**ઉમરપાડામાં બેંકો :–**બેંક ઓફ બરોડા અને સ્ટેટ બેંક ઓફ ઈંડિયા બે રાષ્ટ્રીયકૃત બેંકો આવેલી છે. જંગલ સહકારી મંડળી ચાલે છે.

**ઉમરપાડામાં શિક્ષણ સંસ્થાઓ :–** મિશનરી સ્કૂલ, ઉમરપાડા, ચિમપાતાલ પ્રાથમિક શાળા, ચિમીપાતાલ, અમલીદાભડા પ્રાથમિક શાળા,બલાલ કૂવા પ્રાથમિક શાળા, ચારણી પ્રાથમિક શાળા, ઉભારિયા પ્રાથમિક શાળા, ઝરપાણ પ્રાથમિક શાળા, આદર્શ નિવાસી શાળા,ઉમરગોટ, સરકારી હાઈસ્કૂલ, ઉમરપાડા, આશાકિરણ આશ્રમશાળા ચિતલદા, કેવડી પ્રથમિક શાળા, કે.જી.બી.વી.શાળા,ઘાણાવડ, કદવાલી પ્રાથમિક શાળા, ગુલીઉમર પ્રાથમિક શાળા,ગુલીઉમર, આશ્રમશાળા,ઉમરપાડા, વનરાજ હાઈસ્કૂલ,ઉમરદા, કાલીજામણ પ્રાથમિકશાળા, વડગામ પ્રાથમિક શાળા, ખોટા રામપુરા પ્રાથમિક શાળા, ઉમરદા પ્રાથમિક શાળા, રુધિ ગવાન પ્રાથમિક શાળા, નસરપુર વર્ગ પ્રાથમિક શાળા, ચિમ્પતલ પ્રાથમિક શાળા, સેવલન પ્રાથમિક શાળા,ઉચવાણ પ્રાથમિક શાળા, વાંકી પ્રાથમિક શાળા, વડપાડા પ્રાથમિક શાળા, આમલીદાભડા પ્રાથમિક શાળા, વહાર પ્રાથમિક શાળા, વાડી ફળિયા પ્રાથમિક શાળા,શાદદા પાણી પ્રાથમિક શાળા, પિનપુર પ્રાથમિક શાળા, કેવડી આશ્રમ શાળા, ઝરપાન પ્રાથમિક શાળા, ઉભારિયા પ્રાથમિક શાળા, ચારણી પ્રાથમિક શાળા, બલાલ કૂવા પ્રાથમિક શાળા, ગોવટ પ્રાથમિક શાળા, ઉમરઝર પ્રાથીમિક શાળા, ચૌડા પ્રાથમિક શાળા, ચક્રા પાથમિક શાળા, સરવન ફોકડી પ્રાથમિક શાળા, ઉમરખાડી પ્રાથમિક શાળા, શરદા પ્રાથમિક શાળા, બિલવણ પ્રાથમિક શાળા, ઘાણાવડ પ્રાથમિક શાળા, સરકારી માધ્યમિક શાળા ચવડા, સરકારી માધ્યમિક શાળા ઉમરપાડા,આદર્શ નિવાસીશાળા ઉમરગોટ, ઉત્તરબુનિયાદી આશ્રમશાળા બિલવાણ(માધ્યમિકશાળા), વાડી માધ્યમિક શાળા,વાડી. ઉમરપાડા, વાડી,ચોખવાડા,ઉમરગોટ ઉચ્ચતર માધ્યમિક શાળા ધરાવતા ગામો છે.ઉમરદા, ચીતલદા, કેવડી,ઉમરપાડામાં આશ્રમશાળાઓ ચાલે છે. ઉ.બુ.આશ્રમશાળાઓ ઉમરદા,કેવડી, બીલવણ, ઉમરપાડા, ચિતલદા,કદવાલીમાં ચાલે છે. સરકારી તથા ગ્રાન્ટેડ છાત્રાલયો પણ ઘણી જગ્યાએ ચાલે છે.

આ ઉપરાંત ઉમરપાડા ખાતે આઈ.ટી.આઈ. તથા ઉમરગોટ ખાતે સરકારી વિનયન કોલેજ જૂન ૨૦૧૫થી શરૂ થયેલ છે.

**પશુધન :–** ઉમરપાડામાં ખેતીની સાથે પશુપાલનનો ઉદ્યોગ વિકસ્યો છે. મોટાભાગના અદિવાસી ગાય, ભેંસ, બકરાં, ઘેટાં, ગધ્ડા પાળે છે. ઉમરપાડા તાલુકામાં ૨૦૦૩ની સ્થિતિએ ગાયો ૩૧૨૫૩, ભેંસો ૧૨૨૧૭, બકરા ૧૦૧૨૧ ઘેટાં ૫૮, ગધ્ડા ૩૦, કૂતરાં ૧૫૪૯ છે.

ઈ.સ.૧૯૧૧ ની વસતી ગણત્રી વખતે માંગરોળ ને બદલે વેળાછા તાલુકો લખાતો હતો અને વાકળ પેટા મહાલ તેનાથી જુદો હતો. તેમજ ઉમરપાડા પેટા મહાલ પણ સોનગઢથી જૂદો હતો. પરંતુ હાલમાં વાકળને વેળાછા તાલુકા સાથે જોડી દઈ માંગરોળ તાલુકો બનાવવામાં આવ્યો છે, અને ઉમરપાડાને જંગલ ખાતાને તાબે સોંપી દીધો છે; તેથી વાકળ તથા ઉમરપાડાના વસ્તીના આંકડા અનુક્રમે માંગરોળ તથા સોનગઢ તાલુકામાં ઉમેરી દીધા છે.[4]

**અનાર્ય અથવા કાળીપરજ :–** જે લોકો સામાન્ય રીતે કાળી પરજ તરીકે ઓળખવામાં આવે છે તે લોકોની વસ્તી નવસારી પ્રાંતની એકંદર વસ્તીના એક ચતુર્થાંશ જેટલી છે. કાળી પ્રત અથવા 'કાળીપ્રજા' ઉપરથી ''કાળી પરજ'' શબ્દ થયો હશે એમ લાગે છે. તેમના શરીરના સામાન્ય રીતે કાળા રંગ ઉપરથી એ નામ આપવામાં આવ્યું હોય એમ ધારવામાં આવે છે. વળી તોછડી બોલીમાં બીજા લોકો તેમને 'નરડા' પણ કહે છે. કાળીપરજના લોકો આ દેશના અસલ વતનીઓના વંશના છે. આર્ય લોકો હિંદુસ્તાનમાં આવ્યા ત્યારે આ દેશના અસલ વતનીઓને અનાર્ય કહેવા લાગ્યા એમ ઋગ્વેદમાં જણાવેલ છે. વેદમાં અનાર્ય લોકોને કાચું માંસ ખાનારા અને કાયદા વિનાના વર્ણવ્યા છે. અને પાછળથી કેટલાક સુધરેલા અનાર્યને ધર્મની વિધી વાળા અને પરલોક પ્રાપ્તિની ઈચ્છા વાળા જણાવ્યા છે. અનાર્ય લોકો હિંદુસ્તાનમાં ક્યારે આવ્યા તથા તેમનું મૂળ રહેઠાણ ક્યાં હતું તે અદ્યપિ સુધી બરોબર માલમ પડ્યું નથી; પણ તેઓ તિબેટ અને બ્રહમદેશમાંથી હિંદુસ્તાનમાં ઉતરી આવ્યા હશે એમ ઘણાનું ધારવું છે. નવા આવેલ આર્ય લોકો જેમ આવતા ગયા તેમ તેમના ત્રાસ તથા દબાણથી અનાર્ય લોકો સપાટ ભૂમિ ઉપરથી ખસતા જઈ જંગલ અને ડુંગરવાળા પ્રદેશ તરફ ખસતા ગયા હોવા જોઈએ. અનાર્ય લોકો ગુજરાતમાં આવ્યા ત્યારે તેમાંનો લગભગ સઘળો પ્રદેશ અરણ્યમય હતો. તે પૈકી નર્મદાની દક્ષિણે ભરૂચથી માંડી વસાઈ અને સોપારા સુધી દંડકારણ્ય ગણાતું. શિકારી પશુઓને હાંકી મૂકવામાં આવે છે ત્યારે તે વસ્તી વગરના પ્રદેશમાં જઈ રહે છે અને ડુંગર, ઝાડી વગેરે તેમનાં રહેઠાણ થઈ પડે છે, તે જ પ્રમાણે આર્યલોકો અનાર્ય લોકોના પ્રદેશમાં આવીને વસવા લાગ્યા અને જંગલો કપાતા ગયા તેમ તેમ અનાર્ય લોકો દબાતા ગયા અને જંગલ તથા ડુંગરોમાં રહેવા લાગ્યા. નવસારી પ્રાંત પૈકી સોનગઢ, વ્યારા, મહુવા અને વાંકલ તથા ઉમરપાડા મહાલોના કેટલાંક ભાગ જંગલ અને ડુંગરથી ભરાયેલા છે તેથી એમ લાગે છે કે જ્યારે પશ્ચિમ દિશા તરફનો સપાટ પ્રદેશ આર્યલોકાએ કબજે લીધો હશે ત્યારે અનાર્ય લોકો આ ડુંગર અને જંગલથી ભરેલા પ્રદેશમાં વસ્તી કરી રહયા હશે. સરહદ ઉપર આવેલા ડાંગ, રાજપીપળા અને વાંસદાના જંગલોના એને ડુંગરાના પ્રદેશમાં પણ અનાર્ય લોકોની વસ્તી તે જ પ્રમાણે થયેલી હોવી જોઈએ. ધીમે ધીમે આર્ય લોકોની બીક જેમ જેમ ઓછી થતી ગઈ તેમ તેમ અનાર્ય લોકો તેમના સંબંધમાં આવવા લાગ્યા છે. અનાર્યો પ્રથમ રાની પ્રદેશમાં ખસતા જતા હતા, તે ધીમે ધીમે રાસ્તી પ્રદેશમાં પણ વસ્તી કરવા લાગ્યા. કેટલાક તો પોતાના જંગલનાં ઘરબાર છોડી રાસ્તી ભાગમાં સ્થાયી તરીકે રહેવા લાગ્યા છે. આર્ય લોકો સાથેના વધતા જતા સંબંધથી તથા શ્રીમંત સરકાર મહારાજ સયાજીરાવ ગાયકવાડ એમણે કૃપાવંત થઈ આ લોકોના ઉદ્ધાર માટે તેમના પ્રદેશમાં વસ્તીગૃહો સ્થાપી તેમની કેળવણી માટે તજવીજ

---

[4] desaiGovindbhai H,Navsariprant sarva sangrah,1919-20pg-03

કરવા માંડી છે. તેની અસરથી આ લોકો હવે સુધરતા ચાલ્યા છે અને તેમના જૂના રીતરિવાજમાં ફેરફાર થવા માંડયો છે, એટલું જ નહિ તેમાંના કેટલાક પોતાને ‘‘હિંદુ’’ તરીકે ઓળખાવવા પણ લાગ્યા છે. ઈ.સ.૧૮૯૧ માં અનાર્ય લોકોની વસ્તી ૧,૪૮,૦૪૭ થઈ હતી. અનાર્ય પ્રજાની ખરેખરી ગણત્રી પહેલવહેલી ઈ.સ.૧૯૦૧માં કરવામાં આવી હતી તે વખતે તેમની સંખ્યા ૧,૭૬,૨૫૦ થઈ હતી. તે વખતે આ વર્ગમાં તમામ નહિ સુધરેલી જાતોને ગણી લેવામાં આવી હતી. ઈ.સ.૧૯૧૧ ની ગણત્રીમાં અનાર્ય જાતો પૈકી ૧,૧૫,૪૧૧ અનાર્ય તરીકે નોંધાવ્યા છે. ઈ.સ.૧૯૦૧ સાથે સરખાવતાં અનાર્ય તરીકે નોંધાયેલી પ્રજામાં ૩૪૦૫ જેટલો ઘટાડો થયેલો જણાઈ આવે છે. તે ઉપરથી એમ અનુમાન થાય છે કે તેમનામાં પેતાને હિંદુ તરીકે કહેવડાવવાનું વલણ વધ્યું છે, તેને લીધે અનાર્ય છતાં તેમણે પેતાને હિંદુ તરીકે ગણત્રી વખતે નોંધાવ્યા છે. તેઓ પૈકી કેટલાક હિંદુની પેઠે કપાળમાં ચાંલ્લો કરે છે,ગળામાં કંઠી પહેરે છે અને રોજ સ્નાન કરે છે; તો પણ તેમાંનો મોટો ભાગ વાસ્તવિક રીતે હિંદુ ધર્મ પાળતો હશે કે કેમ એ સંશયની વાત છે. છેલ્લી વસ્તી ગણત્રીમાં જેઓએ પોતાને અનાર્ય તરીકે નોંધાવ્યા છે તેટલા જ અનાર્ય હવે હશે એમ માનીને ચાલીએ તો નવસારી પ્રાંતમાં કુલ અનાર્ય પ્રજા કેટલી છે અને તે તાલુકા વાર કેવી રીતે વહેંચાયેલી છે તે નીચેના આંકડા ઉપરથી જણાશે :–

| **તાલુકો** | નવસારી | ગણદેવી | પલસાણા | કામરેજ | મહુવા | માંગરોળ | સોનગઢ | વ્યારા | વાંકલ | ઉંમરપાડા |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **અનાર્ય વસ્તી** | ૭૩૩ | ૧૭૪૫ | ૭૦ | ૭૭૮ | ૨૦૯૧૮ | ૨૬૧૯ | ૧૪૪૨૫ | ૩૧૦૯૦ | ૧૦૧૮૭ | ૨૩૨૯ |

ઉત્તરમાંથી આર્યોએ આવી સપાટ જમીનમાં વસતા આ દેશના જે અસલ વતનીઓને જંગલ અને ડુંગરાઓમાં કાઢી મૂકયા તે અનાર્ય કહેવાયા એમ આગળ કહેવામાં આવ્યું છે. અનાર્ય પ્રજાની ઘણી જાતો છે તે પૈકી નીચે લખેલી ૧૬ જાતો નવસારી પ્રાંતમાં માલૂમ પડે છે. તેમની વસ્તી બીજા પ્રાંતો કરતાં નવસારી પ્રાંતમાં વધારે છે. સોનગઢ, વ્યારા, મહુવા અને માંગરોળ તાલુકાના વાંકલ અને ઉમરપાડા ટપ્પામાં તેમની વસ્તી વધારે છે. આખા રાજયની કુલ અનાર્ય વસ્તીના ૭૪ ટકા અનાર્યો નવસારી પ્રાંતમાં વસે છે.

| | | | |
|---|---|---|---|
| ભીલ | ૧૩૩૯૨ | કોંકણા | ૬૪૩૦ |
| ચોધરા | ૩૧૩૫૩ | કોટવાળીઆ | ૧૬૧૪ |
| ધાણકા | ૦૪ | માવચી | ૯૮૭ |
| ધોડીઆ | ૨૪૭૧ | નાયકડા | ૭૧૪૫ |
| દુબળા | ૩૩૯૩ | તલાવીયા | ૧૬ |
| ગામીત–ગામતા | ૪૯૬૧૨ | વલવી | ૭૧૨ |
| કાથોડીઆ | ૫૨૨ | વરલી | ૫૯૮ |
| કોલધા | ૬૯૨ | વસાળા | ૯૪૬૫ |
| | | કુલ | ૧૪૬૪૦૬ |

**ભીલ** :– દંતકથા પરથી એ જાતની ઉત્પત્તી મહાદેવમાંથી થયેલી મનાય છે. મહાદેવજી જંગલમાંની ભીલ કન્યા સાથે પ્યારમાં પડયા હતા ને તેનાથી તેમને ઘણી પ્રજા થઈ હતી. તેમનામાં એક બેડોળ અને દુષ્ટ છોકરાએ મહાદેવના પ્યારા પોઠીયાને કાપી નાખ્યો તેથી તે છોકરાને મંડળમાંથી દૂર કર્યો હતો. આ છોકરાથી પોતાની ઉત્પત્તી થઈ છે એમ ભીલ લોકો વાત કરે છે. કારી પરજની બધી જાતો માં ભીલની જાત મુખ્ય અને વધારે અગત્યની ગણાય છે. ભીલની ઘણી જાતો છે. તેમાની ડાંગચી, માવચી, વળવી, વસાવી, વારલી, પાવેરા વગેરે જાતો મુખ્ય છે. ડાંગચી ભીલ આ રાજયની પૂર્વ સરહદ ઉપર રહે છે. મહાભારતમાં પણ આ ભીલ જાતને મુખ્ય જાત તરીકે વર્ણવી છે. હિંદુસ્તાનનો ઈતિહાસ બતાવી આપે છે કે આ જાત અક વખત રાજ કરતી કોમ હતી. આ જાત પૈકી હાલ તેઓમાંના કેટલાક સાધારણ ખેડૂત તરીકે જિંદગી ગુજારે છે, કેટલાક ટોપલીઓ ગૂંથે છે , કેટલાક ફળફૂલ અને જંગલોનો ભાજીપાલો વેચે છે ને કેટલાક ગુંદર, મધ અને મીણ એકઠું કરી અને આસ પાસના લોકોને આપીને તેને બદલે પોતાની ઉપજીવિકા માટે જરૂરી ચીજ લે છે. વળી, આમાંના કેટલાક લશ્કરી નોકરીમાં પણ રહયા છે. પરંતુ જે ભીલ ડાંગની સરહદ પર રહે છે તે અધમ સ્થિતિમાં છે અને સાધારણ ખેતી કરે છે તથા મરઘડાં, મેઢાં વગેરે ઉછેરે છે. જે ભીલ માંગરોલ વગેરે મહાલો તરફ રહે છે તેમાંના ઘણા ખરા ઢોર ચોરી જવામાં ને લૂંટફાટ કરવામાં રોકાયેલા હોય છે. તો પણ તેઓ હાલના વખતમાં ખેતી કરવા લાગ્યા છે. આ લોકો રંગે ઘણા જ કાળા હોય છે. આ જાતના લોકો સામાન્ય પણે ઠીંગણા, તેમના ગાલના હાડકા ઉંચા, નસકોરાં મોટાં, ને તેઓ ચાલાકી સાથે તથા અજાયબ જેવી રીતે થાક ખમે તેવા હોય છે. જે લોકો પર્વતના ભાગમાં રહે છે તે સ્વાભાવિક સ્થિતિમાં ફરે છે ને જે ખીણમાં રહે છે તે લંગોટી મારે છે. ને તેમાં પોતાના છરા કે દાતરડાં રાખે છે. તથા માથે વિંટાળવાને તથા ખભે નાખવાને એક એક કકડો રાખે છે. તેમની સ્ત્રીઓ પરૂષો કરતાં વધારે સભ્યતાથી કપડાં પહેરે છે. તો પણ તેઓ માત્ર ગુહય અવયવ ઢંકાય તેટલા પૂરતોજ કાછડો મારે છે. ને ગળામાં કીડીઆંની એક બે સેરો ગાલે છે. આ વિના બીજી કોઈ રીતે પોતાનું શરીર સુધારવા માગતા નથી. પરંતુ સપાટ પ્રદેશમાં ભીલ લોકો નાનું સરખું ધોતિયું પહેરે છે. ને સ્ત્રીઓ અડધા લૂગડાનો કાછડો વાળી બીજો છેડો માથે નાખે છે. ને ચોળી પહેરે છે તથા પગમાં પીત્તળના બબ્બે કલ્લાં પહેરે છે. આ જાતના પરુષો હંમેશાં તીરકામઠાં વિના બહાર નીકળતા નથી. તેથી તે તેમનું એક ભ્ષણ થઈ પડયું છે. પુરુષો માથાના તથા દાઢીના વાળ કઢાવતા નથી તેથી તેઓ જંગલી દેખાય છે. અને જયારે તેઓ હથિયાર લઈને બહાર નીકળે છે ત્યારે તેમના જંગલીપણામાં ઘણો ઉમેરો થાય છે.હાલના સમયમાં કેટલાક ભીલ લોકો માથાં બોડાવે છે ને મૂછ રાખે છે. તેથી તેમનાથી બીજાઓએ બીવાને બદલે તેઓ જ હવે બીકણ થયા હોય તેવું જણાય છે. તેઓ હાલના વખતમાં સારા કઠીયારા અને પારધી છે. આ લોકો પોતાનાં ઝૂંપડાં વાંસનાં બનાવી તેના છાપરા ઘાસથી છાય છે. ને તે પવનના જંગલી સપાટાથી ઉડી ન જાય માટે તેના ઉપર ઝાડની ડાળીઓ નાખે છે. અને બરૂના સાંઠાની ભીંતો કરી તેના પર છાણ કે માટીનું લીંપણ કરે છે. આથી ટાઢ અને પવનથી તેમનો સારો બચાવ થાય છ. આ ભીલમાંના કેટલાક હિંદુ અને કેટલાક મુસલમાન છે. આ લોકોમાં છોકરાંના મા–બાપ કન્યા શોધી કાઢે છે. લગ્ન વખતે આ લોકો દારૂ–તાડી પીને રાત્રે પુષ્કળ નાચે છે. આ લોકોમાં નાતરાની બૈરી લાવવામાં દારૂ–તાડીનો ખર્ચ થાય છે. ખંધાડીઆનો રિવાજ પણ આ લોકોમાં કેટલીક જગ્યાએ છે. મડદાને સાગને સોટે બાંધી મસાણમાં લઈ જાય છે ને ત્યાં બાળે છે. દહનક્રિયા થઈ ગયા પછી ત્રીજે દિવસે સગા વહાલાં તથા ગામના માણસો ભેગા થઈ તેનો દહાડો કરે છે. કોલેરાથી મરણ થયું હોય તેને બાળતા નથી પણ દાટે છે. તેઓ ડાકણનો વહેમ ભારે રાખે છે. છૈયા છોકરાને ડાકણ ખાય છે તથા ઢોર કે માણસ માંદા પડે તો તે કૃત્ય કરનાર પણ ડાકણ છે તેમ તેઓ માને છે. તેથી તેની દવા–દારૂ ન કરતાં ભગતને બોલાવે છે. તે આવી મંત્ર ભણી ફૂંક મારે છે. આ લોકો ઘણા

સંપીલા હોય છે. તેઓ માંહે માંહે ભાગ્યે જ તોફાન કરે છે. અને કદાપિ દારૂના નશામાં તોફાન કરે તો તેઓ અંદરો અંદર નિકાલ લાવે છે. આ લોકોમાં પરસ્ત્રીગમન કરનાર પર ઘણો તિરસ્કાર જોવામાં આવે છે. આ લોકો ક્રૂર અને ઘણા ઝનૂની છે. તથા દારૂડિયા પણ છે. તેથી તેઓ નશામાં ઘણું તોફાન કરે છે. સ્ત્રીઓ પણ ઘણો દારૂ પીએ છે. આ લોકોની પાસે ધીરજથી અને સમજાવીને કામ લેવામાં આવે તો તેઓ સારા કામ કરંદા છે. તેઓ પોતાના ગામનું રક્ષણ કરવામાં ઘણા સાવઘ જણાય છે. અને કોઈ પણ અણબનાવ વખતે એક સિસોટી વગાડવામાં આવે તો તેઓ ટોળાં બંઘ ભેગા થઈ જાય છે ને સાવઘ થઈ જાય છે. તેઓ દરેક મુસાફરને આનંદી ચહેરાથી જૂએ છે ને સુખ આપવા હંમેશાં આતુર રહે છે. એમની મુખ્ય ખોડ એ છે કે તેઓ ઘણા અઘીરા સ્વભાવના છે. આ લોકો આખો દિવસ જંગલમાં ભટકતા ફરે છે. છતાં મહેનત કરીને ખોરાક મેળવવાને બદલે અડઘા ખોરાકથી ચલાવે છે. દારૂ અને તંબાકુના તેઓ ઘણા શોખિન છે. તેમના ઉપર જો ભરોસો મૂકવામાં આવે તો તેઓ ઉત્તમ ભરોસાને પાત્ર છે. આ કારણથી ખાનદેશમાં એવા ભીલ જમીનદારોનો દરવર્ષે મોટો દરબાર ભરી તેમને સરપાંવ આપવામાં આવે છે. આ ક્રિયાને ભીલ લોકો ‘‘દરબાર ફોડવો’’ એમ કહે છે. આ લોકોમાં ઘરને કુંટુંબ માટે વઘારે પ્રિતિ, સ્ત્રિ ઉપર માયાળું પણું, વડિલો માટે માન ને સત્યને માટે પ્યાર એ મુખ્ય ગુણો છે. તેઓ એવા સરળ હૃદયના છે કે જો તેમને ગુનેગાર તરીકે પકડવામાં આવે તો તેઓ ગુનો કબુલ કરી દે છે. આ લોકોના ઘરોમાં ઘણું ખરું સઘળી સત્તા સ્ત્રીઓની જ હોય છે. ગામડાંમાં ઘરડો માણસ મુખ્ય ગણાય છે. ને બીજા ઉપર પીતૃભાવથી તેનો સત્તા જામેલી હોય છે.

**વસાવા** :–ભીલ લોકોની એક જાત વસાવા કહેવાય છે તેઓ સ્વતંત્ર ગામો વસાવી જથ્થાબંઘ વસ્તી કરી રહેવા લાગ્યા માટે તેમનું નામ વસાવા પડયું. તેઓ લૂંટફાટ અને લડાઈ ટંટાના વખતમાં ગામો સાચવવાનો ઘંઘો કરે છે. આ જાત વસાવા, વહાવા, વહાવી કે વસાવડાને નામે ઓળખાય છે. પહાડવી, વહોળવી ને નાયક એવાં ત્રણ કુળ આ જાતમાં છે. આ જાતની સ્ત્રીઓ ગળામાં ઘોળાં દરહાં, હાથે પિત્તળની છાલીઓ ને પગે પિત્તળનાં બબ્બે કલ્લાં પહેરે છે. પુરુષો માથે ઘોળી કે લાલ, પાઘડી, ઘોતીયું કે સુરવાળ તથા બદન પહેરે છે. આ જાતમાં એક નવાઈ જેવો ચાલ એ છે કે પુરુષો સ્ત્રીના નવા લુગડામાંથી લંગોટી જેટલો કકડો દરેક વખતે ફાડી લે છે અને તે દહાડે કેડના કંદોરા સાથે લટકતો રાખે છે. ને રાત્રે બીજાં કપડાં કાઢી નાખી તે એક કડાની લંગોટી મારી સુઈ જાય છે. આ લોકોમાં લગ્નનો દિવસ મુકરર કરી જેટલા દાડા બાકી હોય તેટલી ગાંઠો દોરડીમાં પાડી તે દોરડીઓ વર તથા કન્યા બંને પક્ષ વાળાઓને ત્યાં રાખવામાં આવે છે. પછી રોજ એક એક ગાંઠ છોડતા જે દિવસે એક ગાંઠ બાકી રહે તે દિવસે વર વાળા જાન લઈ કન્યાને ગામ જાય છે. ને ત્યાં ગામ બહાર રાત રહી આખી રાત નાચે છે. પછી સવારે તે જાન કન્યાને ઘેર જાય છે. એટલે બંને તરફના માણસો વચ્ચે આડો વાંસડો પકડવામાં આવે છે ને પછી બંને બાજુએ નાચ શરૂ થાય છે. આ વખતે સ્ત્રીઓના કલ્લ્લાંનો અવાજ નાચ ગાવાના લોલ તરદોબડા વગેરેનો આવાજ તથા નાચનો એકંદર દેખાવ જોવા જેવો થઈ રહ છે.

ગુજરાતના આદિવાસીઓમાં સૌથી મોટી વસતિ ૨૦૧૧ મુજબ ૪૭.૨૮ ટકા વસતિ ભીલોની છે. જેમાં મુખ્યત્વે ભીલ–ગરાસિયા,ભીલાલા, ઢોલભીલ, રાવળભીલ, વસાવા, પાવરા, તડવી વગેરેને ગણાવી શકાય. અગાઉ રાજપૂત રાજાઓએ ભીલોને પોતાના લશ્કરમાં ભરતી કરી ઘણી વખત તેમની મદદ લીઘી છે. વખત જતાં તેમની સાથે લગ્ન સંબંઘ પણ બાંઘ્યા હતા. જેથી સાબરકાંઠાના ગરાસિયા, પંચમહાલના પટેલિયા, દક્ષિણ ગુજરાતના વસાવા, કુનબીઓ પોતાને અન્ય ભીલ કરતાં ઊંચા માને છે. અને પોતાને રજપૂત વંશના

ગણાવવામાં ગૌરવ માને છે. તેમની અટકોમાં પણ પરમાર, મકવાણા, સોલંકી,રાઠોડ, જેમાં મૂળે રજપૂત હોવાનો નિર્દેષ મળે છે. એજ રીતે મુસલમાન રાજાઓના રાજય અમલ દરમ્યાન મુસલમાન સૈનિકો કે અધિકારીઓના ભીલ સ્ત્રીઓ સાથેના સંબંધોમાંથી ઊભી થયેલી પ્રજા તડવી ભીલ તરીકે ઓળખાયા. તડવીભીલો વંશપરંપરાગત આગેવાની–પટલાઈને કારણે બીજા ભીલો કરતાં ઊંચા ગણાયા. એવું જ વસાવા–ભીલો માટે પણ કહેવાય છે. પરંતુ વસાવા ભીલો અન્ય ભીલોની સરખામણીએ એક ઠેકાણે ગામઠણ બનાવીને વસ્યા તેથી તે વસાવાભીલ તરીકે ઓળખાયા.

**વસતિ** :– વસાવાઓની વસતિ સુરત–તાપી જિલ્લાના સાનગઢથી નિઝર અને ઉમરપાડા સુધીનો પટ્ટો, નર્મદા જિલ્લાના ડેડિયાપાડા, સાગબારા તાલુકાઓમાં અને ભરૂચ જિલ્લ્લાના વાલિયા,ઝઘડિયા તાલુકામાં સૌથી વિશેષ જોવા મળે છે. તેમની વસતિ આ સિવાય રાજયના જુદા જુદા જિલ્લાઓમાં છૂટી છવાઈ જોવા મળે છે.

**ઘરો** :– વસાવાઓની વસતિ ધરાવતા ગામોના ઘરો મોટાભાગે ગામઠણમાં અને એક હરોળમાં એકબીજાની સામસામે હોય છે. સામ–સામે ઘરોની વચ્ચે લાંબો–પહોળો રસ્તો પણ હોય છે. પરંતુ મિશ્ર વસતિવાળા મોટા ગામમાં વસાવાના ઘરો મોટાભાગે ગામથી બહાર હોય છે. ઘરો મોટે ભાગે કાચા વાંસની ચીપોની દિવાલ, તેના પર લીંપણ હોય છે. પ્રમાણમાં નાના અને ભોંયતળિયે પણ લીંપણ હોય છે. કેટલાક ઘરની આગળ માટીનો આટલો બનાવેલો હોય છે. ઘરની આગળ એક માંડવો પણ હોય, માંડવાની નીચે પોતાનાં ઢોર બાંધે, માંડવા ઉપર શિયાળા,ઉનાળા પૂરતું ઘાસ ભરી રાખે. વસાવાઓની વસતિ ધરાવતા સરહદી ગામોમાં પીવાના પાણી માટેની વ્યવસ્થામાં ઘરની બહાર લાકડાની ઘોડી પર માટલાં  મૂકે છે. કોઈક જગ્યાએ માટીના ઓટલા પર પણ માાટલાં મૂકેલાં જોવા મળ્યા છે.

**ઘરવખરી** :– વસાવાના ના દરેક ઘરમાં માટીની કોઠીઓ, વાંસના અનાજ ભરવા માટેના પાલા જોવા મળે છે. ઘરવપરાશનો સામાન ઘરની ઓસરીમાં મૂકી રાખે છે. ઘરવખરીમાં કેટલીક જગ્યાએ પિત્તળના વાસણો, સ્ટીલનાં વાસણો તો કોઈક ઘરોમાં કાંસાના વાસણો પણ જોવા મળ્યા છે. ઘરવખરીમાં આ સિવાય ખાટલા, બાંકડા અને ખુરશીઓ તથા મોજશોખના સાધનોમાં કેટલાક ઘરોમાં મોટરબાઈક અને ટી.વી. પણ જોવા મળ્યા છે. ઘરવખરીમાં એલ્યુમિનિયમનાં વાસણોનું પ્રમાણ ખેડૂત કુટુંબો પાસે સવિશેષ હોય છે.

**ખોરાક** :–વસાવા જાતિનો મુખ્ય ખોરાક જુવાર/મકાઈના રોટલા, મકાઈની રાબ, કઠોળમાં તુવર, મગ, અડદનો ઉપયોગ કરે છે. કેટલાક વસાવા કુટુંબો માંસાહાર પણ કરે છે. જેમાં માછલાં, મરઘી,બકરાનો ઉપયોગ કરે છે.

**વ્યસનો** :– વ્યસનોમાં બીડીનું વ્યસન દરેક વસાવા કુટુંબમાં ખૂબ માટા પ્રમાણમાં જોવા મળે છે. પુરુષો, સ્ત્રીઓ અને કેટલાક યુવાનોને પણ બીડી તમાકુનું  વ્યસન છે.બીડી માટે પુરુષો પોતાના ખીસ્સામાં જ બીડીના પાન અને તમાકું રાખે છે. જયારે પણ વ્યસનની ઈચ્છા થાય ત્યારે તે બીડી બનાવીને પીતા હોય છે.વસાવાઓમાં દારૂનું પ્રમાણ નહિવત છે. આ જાતિમાંથી કેટલાકે ધાર્મિક સંપ્રદાયોની અસરથી વ્યસનોમાંથી મુક્તિ મેળવી છે.

**પહેરવેશ** :–વસાવા પુરુષો ખમીશ–ધોતી(ઘૂંટણ સુધી) અને માથે રૂમાલ અથવા ગાંધી ટોપી પહેરે છે. કેટલાક ફાળિયું પણ બાંધે છે. સ્ત્રીઓ કબજો, ઓઢણી કિનારીવાળી સાડી, કેટલીક વસાવા સ્ત્રીઓ ચણીયો સાડીનો કાછોટો મારીને પહેરે છે. બાળકો અને યુવક–યુવતિઓમાં આધુનિક કહી શકાય તેવાં કપડાંની પસંદગી કરે છે. હજુ પણ પરંપરાગત પોષાક આ સમાજમાં જોવા મળે છે.

**ઘરેણાં**:– વસાવા સ્ત્રીઓ ઘરેણાંની શોખીન હોય છે. સ્ત્રીઓ હાથે બંગડી, ગળામાં કંઠી, પગમાં કલ્લાં પહેરે છે. યુવતીઓ પ્લાસ્ટીકની બંગડીઓ, પીનો અને મણકાની માળાનો ઉપયોગ કરે છે. કેટલીક સ્ત્રીઓ કંદોરો પણ પહેરે છે. પુરુષો કાનમાં ચાંદી કે કથીરનાં લવિંગીયાં અને હાથે વીંટી પહેરે છે.

વસાવાઓમાં શિક્ષણનું પ્રમાણ સારૂ હોવાથી જાગ્રતતા ખૂબજ છે. તેમનો મુખ્ય વ્યવસાય ખેતી છે. આ સિવાય કેટલાક કુટુંબો ખેતીની સાથે ખેતમજૂરી, પશુપાલન, જંગલમજૂરી તો કેટલાક છૂટક વેપાર પણ કરે છે. વસાવાઓમાંથી સરકારી નોકરીઓમાં પણ જોડાયેલા જોવા મળે છે.ગુજરાત વિધાનસભાના પ્રથમ આદિવાસી અધ્યક્ષ તરીકે વસાવા જાતિના ગણપતભાઈ વસાવા સ્થાન શોભાવે છે. શિક્ષણમાં અભિરૂચિ વધવાથી નોકરી, વ્યવસાયમાં ઘણા જોતરાયા છે.  તેનાથી આ વિસ્તારમાં સુધારા અને પરિવર્તન દેખાય છે. તેમનું ભવિષ્ય ઉજ્જવળ દેખાય છે.

**<u>સંદર્ભ ગ્રંથ સૂચિ :–</u>**


(૧) ગોવિંદભાઈ હાથીભાઈ,''નવસારી પ્રાંત સર્વસંગ્રહ''વિઠ્ઠલભાઈ આશારામ ઠક્કર, લુહાણા મિત્ર પ્રેસ,વડોદરા–૧૯૨૦

(૨)ભીખાભાઈ સો.પટેલ,''રાજયના આદિવાસી વિસ્તારના સરહદી ગામો–અભ્યાસ,આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ

(૩)સો.મ.દેસાઈ,'' તવારીખે નવસારી'',ડાૅ.ધનજીભાઈ હોરમસજી મહેતા,નવસારી–૧૯૩૯

(૪) સુરત સેન્સસ રીપોર્ટ–૨૦૧૧

(૫) ગેઝેટીયર ઓફ બોમ્બે પ્રેસિડેન્સી

(૬) ગેઝેટીયર ઑફ મહારાષ્ટ્રા

(૭) વિકીપીડીયા

(૮) રૂબરૂ મૂલાકાતો